AMRITA
VISHWA VIDYAPEETHAM
DEEMED TO BE UNIVERSITY

# અમૃતા વિશ્વ વિદ્યાપીઠમના વિજ્ઞાનીઓએ ૯૯.૯% ફિલ્ટ્રેશન અસરકારકતા સાથેનું N96 નેનો માસ્ક લોન્ચ કર્યું

એજન્સી દ્વારા અમદાવાદ, માર્ચ, ૨૦૨૧: અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ સ્થિત સેન્ટર ફોર નેનોસાયન્સિઝ એન્ડ મોલેક્યુલર મેડિસિનના વિજ્ઞાનીઓએ આધુનિક નેનોટેકનોલોજીના આધારે અનોખું થ્રી-પ્લાય N96 નેનો માસ્ક લોન્ચ કર્યું છે. આ માસ્ક ખર્ચની દ્રષ્ટિએ અસરકારક છે તથા પરંપરાગત N95 અને સર્જિકલ માસ્કસની તુલનામાં ચઢિયાતું ફિલ્ટ્રેશન અને શ્વાસ લેવામાં સરળતા પૂરાં પાડે છે.

૨૦૦ રૂ. કરતાં ઓછી કિંમતના અમૃતા N96 નેનો માસ્ક પુનઃ વપરાશમાં લઈ શકાય છે અને તેને 30 વાર ધોઈ શકાય છે. તે ટકાઉ છે, ત્વચા માટે સાનુકૂળ છે અને ગંધરહિત છે. સાથે જ લાંબા સમય સુધી પહેરવા માટે પણ તે આરામદાયક છે. માસ્કની બનાવટમાં વપરાયેલા ફેબ્રિકને કારણે પહેરનાર વ્યક્તિને શ્વાસ લેવામાં સરળતા રહે છે અને સાથે જ હાનિકારક જીવાણુઓ સામે ૧૦૦% રક્ષણ મળી રહે છે. વિશ્વમાં ભાગ્યે જ બીજું કોઈ માસ્ક મહત્તમ સુરક્ષા (૯૯.૯%) સાથે શ્વાસોચ્છવાસમાં આટલી આરામદાયકતા પૂરી પાડે છે. અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ માસ્કની કિંમત વધુ નીચી લાવવા માટે તથા જથ્થાબંધ ઉત્પાદન માટે અન્ય લોકોને લાઈસન્સિંગ માટે આ ટેકનોલોજી ઓફર કરી રહી છે.

નેનો-લેયર્ડ ફિલ્ટર સાથેના અમૃતા દ્ર૯૬ નેનો માસ્કનું ત્રણ કરતાં વધુ માઈક્રોન્સના ૯૬% પાર્ટિકલ ફિલ્ટ્રેશનની સાથે-સાથે ૯૯.૯% બેક્ટેરિયલ અને વાઈરસ એરોસોલ ફિલ્ટ્રેશન પૂરું પાડવા માટે લેબમાં પરીક્ષણ કરવામાં આવેલું છે. સાથે જ દેશમાં માસ્ક્સ અને PPEsનું પરીક્ષણ કરવા માટે ભારત સરકારના ટેક્સટાઈલ મંત્રાલયનું સમર્થન ધરાવતી અગ્રણી લેબોરેટરી સાઉથ ઈન્ડિયા ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન (SITRA) દ્વારા પણ તેનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

Normal Metro - Ahmedabad March 31, 2021